# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર જિ-બનાસકાંઠા
(ISO 9001:2008 Certified)

સત્યમેવ જયતે

ફોન નંબર : 02742 257055 E-mail Id : bnsdeo@gmail.com


અગત્યનું / સમય મર્યાદા

ક્રમાંક:માવિ.૨/આચાર્ય ભરતી/૨૦૨૪/૨૯૮૨૪-૨૮ તારીખ :- ૨૭/૧૨/૨૦૨૪

પ્રતિ,

પ્રમુખશ્રી/મંત્રીશ્રી,

સંબંધિત શાળા સંચાલક મંડળ,

C/O આચાર્યની ભરતી-૨૦૨૪ માં સમાવિષ્ટ શાળાઓ,

જિ-બનાસકાંઠા.

વિષય :- આચાર્ય ભરતી-૨૦૨૪ અન્વયે ફાળવવામાં આવેલ ઉમેદવારોની પસંદગી કરવા બાબત.

સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક:GH/SH/77/BMS/1115/1295/G, તા.૨૫/૦૭/૨૦૧૭.

(૨) રજીસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી માટેની પસંદગી સમિતિ દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૪ ના રોજ દૈનિક વર્તમાનપત્રમાં આપેલ આચાર્યોની ભરતીની જાહેરાત.

(૩) આચાર્ય ભરતી-૨૦૨૪ નું મોડ્યુલ અને ઉમેદવારોની વિગતવાર સુચનાઓ.

(૪) GIPL દ્વારા શાળાઓમાં ઈન્ટરવ્યું માટે થયેલ ઉમેદવારોની ફાળવણી.

(૫) મે.સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક), કમિશનર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/અનદ-૧/૨૦૨૪/૧૨૮૭૧૯૪, તા.૨૭/૧૨/૨૦૨૪.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત (૧) નું જાહેરનામું તેમજ તેમા થયેલ વખતો વખતના સુધારાઓ અન્વયે' અત્રેના જિલ્લા ખાતેની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાતે કેન્દ્રીયકૃત પદ્ધતિથી 'ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યની ભરતી માટેની પસંદગી સમિતિ' દ્વારા આચાર્ય ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે આપના મંડળ સંચાલિત શાળા ખાતે આચાર્ય તરીકેની ભરતી પ્રક્રિયા માટે ફાળવવામાં આવેલ ઉમેદવારોની યાદી અત્રેની કચેરી દ્વારા તા.૧૭/૧૨/૨૦૨૪ ના રોજ આપની શાળા ખાતે ઇ-મેઇલ મારફ્તે મોકલી આપેલ છે.

સંબંધિત જાહેરનામાની જોગવાઇઓ મુજબ આચાર્ય ભરતીના આગામી તબક્કાની કામગીરી જેવી કે, ઈન્ટરવ્યુંની પ્રક્રિયા, ઉમેદવારની પસંદગી તેમજ નિમણૂંકની સમગ્ર કાર્યવાહી જિલ્લા કક્ષાની શાળા પસંદગી સમિતિ દ્વારા કરવાની થાય છે. નીચે મુજબની સુચનાઓ ધ્યાને લઈ, આ સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સુચારૂ રીતે આયોજન કરવા આથી જણાવવામાં આવે છે.

(૦૧) બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી કરવા બાબતે સંદર્ભ દર્શિત (૧) ના જાહેરનામાં તેમજ તેમા થયેલ વખતો વખતના સુધારાઓનો યોગ્ય રીત ઉંડાણપૂર્વક અભ્યાસ કરી સદર

જોગવાઇ અને સુચનાઓ મુજબ જ ઇન્ટરવ્યું પ્રક્રિયા, ઇન્ટરવ્યુંની પ્રક્રિયા, ઉમેદવારની પસંદગી તેમજ નિમણૂંકની સમગ્ર કાર્યવાહી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૦૨) શાળા પસંદગી સમિતિની રચના અન્વયે શિક્ષણ વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૭ ના જાહેરનામાની જોગવાઇને અનુસરવાની રહેશે. પરંતુ જે શાળામાં ટ્રસ્ટ અસ્તિત્વમાં ન હોય અને વહીવટદારની નિમણૂંક થયેલ હોય તેવી શાળાઓમાં તાલુકા બહારના કેળવણીકાર તરીકે વહીવટદારે અત્રેની કચેરીના પરામર્શમાં રહી તાલુકા બહારના કેળવણીકારની નિમણૂંક કરવાની રહેશે તેમજ સંચાલક મંડળના બે સભ્યોના સ્થાને ફક્ત વહીવટદારનો શાળા પસંદગી સમિતિમાં સમાવેશ થશે.

(૦૩) શાળા સંચાલક મંડળ દ્વારા તાજેતરનો ઠરાવ કરી શાળા આચાર્ય પસંદગી સમિતિમાં બે સભ્યોની નિમણૂંક કરવાની રહેશે. તેમજ આ અંગેની માહિતી આ સાથે સામેલ <u>પત્રક-૧</u> મુજબના નમૂનામાં શાળા સંચાલક મંડળના લેટરપેડ ઉપર દર્શાવેલ બિડાણો સહીત રજુ કરવાની રહેશે.

(૦૪) શાળા સંચાલક મંડળ દ્વારા અત્રેની કચેરી સાથે પરામર્શ કર્યા બાદ તાજેતરનો ઠરાવ કરી શાળા આચાર્ય પસંદગી સમિતિમાં તાલુકા બહારના કેળવણીકાર તરીકે એક સભ્યની નિમણૂંક કરવાની રહેશે. તેમજ આ અંગેની માહિતી આ સાથે સામેલ <u>પત્રક-૨</u> મુજબના નમૂનામાં શાળા સંચાલક મંડળના લેટરપેડ ઉપર દર્શાવેલ બિડાણો સહીત રજુ કરવાની રહેશે.

(૦૫) ઇન્ટરવ્યું ના આયોજન માટે શાળા આચાર્ય પસંદગી સમિતિના સભ્યો પૈકી ત્રણ સભ્યોના કોરમ થયેથી ઇન્ટરવ્યુંનુ આયોજન કરવાનું થાય છે.

(૦૬) સંદર્ભ દર્શિત (૧) ના જાહેરનામામાં ઇન્ટરવ્યુંમાં હાજર રહેનાર ઉમેદવારોના કોરમનો કોઇ ઉલ્લેખ થયેલ ના હોઇ, ઉમેદવારોનું કોરમ ધ્યાને લેવાનું રહેશે નહી. એટલે કે શાળા આચાર્ય પસંદગી સમિતિ સમક્ષ હાજર ઉમેદવારોનું ઇન્ટરવ્યું'યોજી તેમાથી ઉમેદવારની પસંદગી કરવાની રહેશે.

(૦૭) શાળા આચાર્ય પસંદગી સમિતિ ના અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ સભ્ય સચિવ તરીકે અત્રેની કચેરીના શિક્ષણ નિરીક્ષકશ્રી રહેશે.

(૦૮) <u>ઇન્ટરવ્યું સમયે ભરવાના થતાં પત્રકો/રોજકામ તેમજ ભલામણ પત્ર/નિમણૂંક હુકમ આપવા બાબત.</u>

સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાય તે હેતુસર ઇન્ટરવ્યું સમયે જે તે શાળા આચાર્ય પસંદગી સમિતિ દ્વારા ભરવાના થતાં તમામ પત્રકો/રોજકામ તેમજ ભલામણ પત્ર/નિમણૂંક હુકમ આપની શાળાને ફાળવવામાં આવેલ ઉમેદવારોની યાદી સહીત અત્રેની કચેરી દ્વારા મોકલી આપવામાં આવશે. ઇન્ટરવ્યું સમયે ફરજીયાત પણે આ જ પત્રકોનો ઉપયોગ કરવાનો રહેશે.આ પત્રકોમાં દર્શાવેલ વિગતો ભરી ઇન્ટરવ્યું ના સમયે ૦૨ (બે) સેટ માં ફાઇલ રજુ કરવાની રહેશે.

(૦૯) <u>આચાર્યની મહત્તમ જગ્યાઓ ભરાય તે હેતુસર ઇન્ટરવ્યું સમયે ઉમેદવારો પાસેથી નિયત નમુનાનું એકરારનામું લેવા બાબત.</u>

આચાર્યની મહત્તમ જગ્યાઓ ભરાઇ તે માટે આપની શાળાના ઇન્ટરવ્યું શરૂ થતાં પૂર્વે ફાળવાયેલ તમામ ઉમેદવારો પાસેથી નિયત નમુનાનું એકરારનામું જરજીયાત પણે મેળવવાનું રહેશે. જેમાં <u>જો ઉમેદવાર રૂબરૂ મુલાકાતમાં પ્રથમ ક્રમે પસંદગી થશે તો આ અગાઉ આ તેની આચાર્ય ભરતી પ્રક્રિયા અન્વયે અગાઉની તમામ શાળાઓમાં પ્રથમ ક્રમે થયેલ પસંદગી/નિમણૂંક અંગેનો તેનો હક્ક જતો કરવા સંમતિ આપે છે</u> તે સબબનું છે. જેની ખાસ નોંધ લેવી. સદર એકરારનામાનો નમૂનો અત્રેની કચેરી દ્વારા અન્ય પત્રકોની સાથે અલગથી મોકલી આપવામાં આવશે.

(૧૦) ઇન્ટરવ્યું બાદ તુરંત કેમ્પના સ્થળે જ પસંદ થયેલ પ્રથમ ૩ (ત્રણ) ઉમેદવારોની યાદી નોંટીસ બોર્ડ પર જાહેર કરવાની રહેશે તેમજ પ્રથમ ક્રમના ઉમેદવારને અત્રેના કચેરી દ્વારા આપવામાં આવેલ ભલામણ પત્રના આધારે નિમણૂંક હુકમ આપવાની પ્રક્રિયા ઇન્ટરવ્યું ના સ્થળે જ ફરજીયાત પણે પૂર્ણ કરવાની રહેશે.

(૧૧) શાળા સંચાલક મંડળ દ્વારા ભરતી સબબનો તમસમ અસલ રેકર્ડ સાચવવાનો રહેશેં. આ તમામ રેકર્ડની એક પ્રમાણિત નકલ ઈન્ટરવ્યુંની પ્રક્રિયા પૂર્ણ થયેથી તુરંત જ અત્રેની કચેરીને આપવાની રહેશેં.

(૧૨) ઈન્ટરવ્યું તારીખ અને સ્થળે ઈન્ટરવ્યુંના સમયના એક કલાક અગાઉ શાળા આચાર્ય પસંદગી સમિતિના સભ્યો, તાલુકા બહારના કેળવણીકાર, શાળાના ઇન.આચાર્ય તેમજ અન્ય જરૂરી કર્મચારીશ્રીઓએ ફરજીયાત પણે હાજર રહેવાનું રહેશેં. તેમજ હાજર રહેવામાં ચૂક કરવામાં આવશે તો નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો. તેમજ ભવિષ્યમાં આ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશેં તો તે અંગેની તમામ જવાબદારી આપશ્રીની અંગત રહેશેં. જેની નોંધ લેશો.

(૧૩) શાળા પસંદગી સમિતિના તમામ સભ્યશ્રીઓને ઈન્ટરવ્યુંના તારીખ, સમય અને સ્થળની જાણ આપની કક્ષાએથી ફરજીયાત પણે લેખિતમાં કરવાની રહેશેં.

ઉપરોક્ત સુચનાઓ અને આચાર્ય ભરતી સંબઘિત સરકારશ્રીના વખતો વખતના તમામ જાહેરનામા, ઠરાવો, પરિપત્રો અને જોગવાઇઓનું પાલન કરી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાતે આચાર્ય ભરતી-૨૦૨૪ અન્વયે ઇન્ટરવ્યુ પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શિત અને નિર્વિવાદિત રીતે પૂર્ણ થાય તે મુજબ કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

સદર ભરતી પ્રક્રિયા બાબતે કોઇ પણ પ્રશ્ન કે મુશ્કેલી હોય તો ભરતી નોડલ અધિકારી શ્રી કે.એચ.પઢાર નો રૂબરૂ અથવા મોબાઇલ નં.૯૯૨૫૯૫૧૭૬૮ પર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ઉપરોક્ત સમયમર્યાદામાં આપના દ્વારા સંપર્ક કરવામાં આવશે નહી તો આપની આ બાબતે કોઇ જ રજુઆત નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં આ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશેં તો તે અંગેની તમામ જવાબદારી આપશ્રીની અંગત રહેશેં. જેની નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર જિ-બનાસકાંઠા

<u>નકલ રવાના જાણ તેમજ જરૂરી અમલવારી સારૂ :-</u>

- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ઉપર મુજબની, જિ-બનાસકાંઠા.
  રા- 'આપની શાળાના શાળા સંચાલક મંડળને ઉપરોક્ત વિગતોથી જાણ કરવા સારૂ.
- નોડલ અધિકારીશ્રી તેમજ સહાયક નોડલ અધિકારીશ્રીઓ, તમામ, આચાર્ય ભરતી-૨૦૨૪.
- શિક્ષણ નિરીક્ષકશ્રીઓ તેમજ મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, તમામ, સદર કચેરી.

<u>નકલ સવિનય રવાના :-</u>

- મે.સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક), કમિશનર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

# આચાર્ય ભરતી – ૨૦૨૪

## ચેકલિસ્ટ – B

આચાર્ય ભરતી – ૨૦૨૪ અન્વયે આચાર્યની નિમણૂંકનો ભલામણ પત્ર મેળવવા માટેનું ચેકલિસ્ટ

| | | | |
|---|---|---|---|
| (૧) | શાળાનું નામ | : | |
| (૨) | શાળાનું સરનામું | : | |
| (3) | સંચાલક મંડળનું નામ | : | |
| (૪) | પ્રમુખશ્રી/મંત્રીશ્રી નું નામ | : | |
| (૫) | ઈ-મેઇલ આઇડી | : | |
| (૬) | મોબાઇલ નંબર | : | |

| ક્રમ | શાળા સંચાલક મંડળે રજુ કરવાના આધારો | પાના નંબર | ચકાસણી કરનાર અધિકારીશ્રીની નોંધ ( હા / ના ) | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૦૧ | ભલામણ પત્ર મેળવવા માટેનો શાળા સંચાલક મંડળનો પત્ર | | | |
| ૦૨ | પત્રક – ૨ ઈન્ટરવ્યું આપનાર ઉમેદવાર સાથે સગપણ હોવા અંગેનું પ્રમાણપત્ર (એક-નકલ) | | | |
| 03 | પત્રક – 3 શાળા પસંદગી સમિતિના સભ્યોનું હાજરી પત્રક (એક-નકલ) | | | |
| ૦૪ | પત્રક – ૪ ઈન્ટરવ્યું વખતે હાજર/ગેરહાજર ઉમેદવારોનું પત્રક (એક-નકલ) | | | |
| ૦૫ | પત્રક – ૫ શાળા પસંદગી સમિતિના સભ્યનું વ્યક્તિગત ગુણાંકન પત્રક (પાંચ-નકલ) | | | |
| ૦૬ | પત્રક – ૬ શાળા પસંદગી સમિતિના સભ્યોના ગુણાંકનનું એકંદરી પત્રક (એક-નકલ) | | | |
| ૦૭ | પત્રક – ૭ શાળા પસંદગી સમિતિનું રોજકામ (એક-નકલ) | | | |
| ૦૮ | પત્રક – ૮ શાળા પસંદગી સમિતિનો ઠરાવ (એક-નકલ) | | | |
| ૦૯ | પત્રક – ૯ ઈન્ટરવ્યું અન્વયે ઉમેદવારનું એકરારનામું (ફાળવેલ ઉમેદવારોની સંખ્યા મુજબ) | | | |
| ૧૦ | નિમણૂંક હુકમ (ત્રણ-નકલ) | | | |
| ૧૧ | ફાળવેલ ઉમેદવારોની યાદી (એક-નકલ) | | | |

પ્રમુખ/મંત્રી

# પત્રક – ૧

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યા પર ભરતીની કાર્યવાહી બાબતે શાળા પસંદગી સમિતિ માટે ઠરાવ કરી સંચાલક મંડળના બે સભ્યોની નિમણૂંક કરેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | સંચાલક મંડળનું નામ | : | |
| (૨) | સંચાલક મંડળનું સરનામું | : | |

| | | | |
|---|---|---|---|
| (૧) | શાળાનું નામ | : | |
| (૨) | શાળાનું સરનામું | : | |
| (૩) | ઈ.આચાર્યશ્રીનું નામ અને મો.નં. | : | |
| (૪) | એસ.એસ.સી.ઈન્ડેક્ષ નંબર | : | |
| (૫) | એચ.એસ.સી.ઈન્ડેક્ષ નંબર | : | |
| (૬) | યુ-ડાયસ કોડ | : | |
| (૭) | ઈ-મેઈલ આઈડી | : | |

| ક્રમ | સંચાલક મંડળના સભ્યશ્રીનું નામ | હોદ્દો | સરનામું | મોબાઈલ નંબર | સહી |
|---|---|---|---|---|---|
| (૧) | | | | | |
| (૨) | | | | | |

તારીખ :- ____/૦૧/૨૦૨૫
સ્થળ :-

આચાર્ય

પ્રમુખ/મંત્રી

બિડાણ :-

(૧) આચાર્ય ભરતી પસંદગી સમિતિમાં ઉક્ત સભ્યશ્રીઓની નિમણૂંક કરવા અંગેનો શાળા સંચાલક મંડળનો તાજેતરનો ઠરાવ.

(૨) ઉક્ત બંન્ને સભ્યશ્રીઓના ફોટો ઓળખપત્રની પ્રમાણિત નકલ.

(૩) ઉક્ત બંન્ને સભ્યશ્રીઓના સંમતિ પત્રક.

# પત્રક – ૨

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યા પર ભરતીની કાર્યવાહી બાબતે શાળા પસંદગી સમિતિ માટે ઠરાવ કરી તાલુકા બહારના કેળવણીકારની નિમણૂંક કરેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | સંચાલક મંડળનું નામ | : | |
| (૨) | સંચાલક મંડળનું સરનામું | : | |

| | | | |
|---|---|---|---|
| (૧) | શાળાનું નામ | : | |
| (૨) | શાળાનું સરનામું | : | |

| | | | |
|---|---|---|---|
| (૧) | કેળવણીકારનું નામ | : | |
| (૨) | કેળવણીકારનું સરનામું | : | |
| (૩) | શૈક્ષણિક લાયકાત | : | |
| (૪) | શૈક્ષણિક પ્રવૃતિઓ | : | |
| (૫) | મોબાઇલ નંબર | : | |

તારીખ :- ____/૦૧/૨૦૨૫

સ્થળ :-

આચાર્ય

પ્રમુખ/મંત્રી

બિડાણ :-

(૧) આચાર્ય ભરતી પસંદગી સમિતિમાં ઉક્ત તાલુકા બહારના કેળવણીકારશ્રીની નિમણૂંક કરવા અંગેનો શાળા સંચાલક મંડળનો તાજેતરનો ઠરાવ.

(૨) ઉક્ત તાલુકા બહારના કેળવણીકારશ્રીના ફોટો ઓળખપત્રની પ્રમાણિત નકલ.

(૨) ઉક્ત તાલુકા બહારના કેળવણીકારશ્રીનું સંમતિ પત્રક.